અનુસૂચિત જાતિ કલ્યાણ હેઠળની સમાજ કલ્યાણ નિરીક્ષક(વર્ગ-3) સંવર્ગની જગ્યાઓ માસિક ફિક્સ વેતન રૂ.૨૦૦૦૦/-(અન્ય ચાર્જીસ સિવાય)થી વધુ ૧૧ માસ માટે ચાલુ રાખવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: SJED/EOD/e-file/17/2021/0005/J Section
સચિવાલય, ગાંધીનગર.
તા.૮/૧૧/૨૦૨૩.

**વંચાણમાં લીધા:-**

(૧) વિભાગના તા.૦૬/૦૪/૨૦૧૬ નો ઠરાવ ક્રમાંક: મકમ/૧૦૨૦૧૫/૪૪૪૩/જ.

(૨) વિભાગના તા.૨૭/૦૬/૨૦૨૨ નો ઠરાવ ક્રમાંક: મકમ/૧૦૨૦૨૧/૬૧૫૮૨/જ

(૩) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીનો તા:૦૪/૦૯/૨૦૨૩ નો પત્ર નં:અજાક/મકમ/૪/૧૭૨૦/૨૦૨૩/ક.

**આમુખ:-**

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના વિભાગના ઠરાવથી સમાજ કલ્યાણ નિરીક્ષક(વર્ગ-3) સંવર્ગની કૂલ ૧૮૩ જગ્યાઓ પૈકીની ૬૬ જગ્યાઓ પર અત્રેના તા.૦૬/૦૪/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક: મકમ/૧૦૨૦૧૫/૪૪૪૩/જ થી સીધી ભરતી કે બઢતીથી નિયમિત કર્મચારી ઉપલબ્ધ થયેથી આઉટસોર્સની સેવાનો અંત લાવવાનો રહેશે તે શરતે મંજૂરી આપવામાં આવેલ હતી

વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના વિભાગના ઠરાવથી બાકી રહેતી સમાજ કલ્યાણ નિરીક્ષક(વર્ગ-3) સંવર્ગની ૧૧૭ જગ્યાને ૧૧ માસ માટે અથવા નિયમિત ઉમેદવાર ઉપલબ્ધ થાય ત્યાં સુધી આ બંન્નેમાંથી જે વહેલુ હોય તેટલા સમયગાળા માટે આઉટસોર્સથી સેવા મેળવવા મંજૂરી આપવામાં આવેલ હતી

વંચાણે લીધેલ ક્રમાંક (૩) ના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, હેઠળની સમાજ કલ્યાણ નિરીક્ષક(વર્ગ-3) સંવર્ગની કુલ ૧૮૩ (૬૬+૧૧૭) જગ્યાઓને ૧૧ માસ માટે અથવા નિયમિત ઉમેદવાર ઉપલબ્ધ થાય, આ બંન્નેમાંથી જે વહેલુ હોય તેટલા સમયગાળા માટે આઉટસોર્સથી સેવા મેળવવા માસિક ફિક્સ વેતન રૂ.૨૦૦૦૦/-(અન્ય ચાર્જીસ સિવાય)થી મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

કાળજીપૂર્વકની વિચારણાના અંતે, નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, હેઠળની સમાજ કલ્યાણ નિરીક્ષક(વર્ગ-3) સંવર્ગની કુલ ૧૮૩ (૬૬-૧૧૭) જગ્યાઓને ૧૧ માસ માટે અથવા નિયમિત ઉમેદવાર ઉપલબ્ધ થાય, આ બંન્નેમાંથી જે વહેલુ હોય તેટલા સમયગાળા

માટે આઉટસોર્સથી સેવા મેળવવા માસિક ફિક્સ વેતન રૂ.૨૦૦૦૦/-(અન્ય ચાર્જીસ સિવાય)થી નીચેની શરતોને આધિન માન્ય એજન્સી મારફત આઉટસોર્સથી સેવા મેળવવા આથી મંજૂરી આપવામાં આવે છે.

(૧) સીધી ભરતી કે બઢતીથી નિયમિત કર્મચારી ઉપલબ્ધ થયેથી આઉટસોર્સીંગની સેવાનો અંત લાવવાનો રહેશે.

(૨) ઉક્ત જગ્યા માટે માસિક ફિક્સ વેતન નીચે મુજબ છે.

| ક્ર | જગ્યાનુ નામ | જગ્યાની સંખ્યા | સૂચિત મહેનતાણુ (માસિક ફિક્સ વેતન, અન્ય ચાર્જીસ સિવાય) |
|---|---|---|---|
| ૧ | સમાજ કલ્યાણ નિરીક્ષક(વર્ગ-૩) | ૧૮૩ | રૂ.૨૦,૦૦૦/- |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૦૫/૧૧/૨૦૨૩ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે .

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હેતલ ગોહેલ )
સેકશન અધિકારી ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજ્ય કક્ષાનામંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૨,સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી,નાણા વિભાગના રહસ્ય સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ), નાણાં વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
- જિલ્લા તિજોરી અધિકારી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- સેક્શન અધિકારીશ્રી(બજેટ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી(કોમ્પ્યુટર સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર. ઉક્ત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- સિલેક્ટ ફાઈલ

Signature valid
Signed by:H T Gohel
Section Officer
Date: 2023.11.08
12:52:45 +05:30